Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

Shree Atmanand Prakash



श्री आत्मानंद प्रकाश

卐 દિપાવલીનો શુભ સંદેશ 卐

तत्पवित्रचरित्रानुस्मरणेन बलीयसा ।
सर्वदैव वयं स्याम मनःशुद्धीक्रियापरा ॥

ભગવાનના પવિત્ર ચરિત્રનું સ્મરણ સતેજ રાખીને એ દ્વારા
આપણે આપણી મનશુદ્ધિની સાધનામાં હમેશાં ઉદ્યત રહેવાનું છે....

Through the powerful remembrance of His purest life we are to be always devoted to attempt for purifying our mind.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૨ | ભાદરવો-આસો | આત્મ સંવત : ૯૯ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૧ |
| અંક : ૧૧-૧૨ | સપ્ટે.-ઓકટો. : ૯૫ | વિક્રમ સંવત : ૨૦૫૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | નવા વર્ષ માટે પ્રાર્થના.... (કાવ્ય) | ઉપા. હેમચંદ્રસાગરજી : પાટણ | ૬૧ |
| (૨) | આત્મા બન્યો પરમાત્મા | અનુ. : ડૉ. કુમારપાળ દેસાઈ | ૬૨ |
| (૩) | કર્મરાજાની કરામત (અંક ૭-૮ થી ચાલુ) | સંકલન : કાન્તીલાલ આર. સલોત | ૬૫ |
| (૪) | દાદાસાહેબ-ભાવનગર મધ્યે ચાતુર્માસની એક ઝલક | .... .... | ૬૭ |
| (૫) | ગોડીજી ઉપાશ્રય-ભાવનગરે અવિસ્મરણીય ચાતુર્માસ | .... .... | ૬૮ |
| (૬) | હિન્દી વિભાગ .... | .... .... | |
| (૭) | શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી વર્ષની ઉજવણી નિમીત્તે વિદ્યાર્થીઓનું સન્માન | | ટા-૩ |


શ્રી જૈન આત્માનંદ સભાનાં શતાબ્દી વર્ષમાં નવા પેટ્રનો તથા આજીવન સભ્યોને આવકારતાં આનંદની લાગણી અનુભવીએ છીએ...

## આ સભાના નવા પેટ્રન સભ્યો

૧ શ્રી જસુભાઈ જગજીવનદાસ કપાસી — ભાવનગર

## આ સભાના નવા આજીવન સભ્યો

૧ શ્રી મહેન્દ્રકુમાર રાયચંદભાઈ શાહ — ભાવનગર

૨ શ્રીમતિ પુષ્પાબેન જયેન્દ્રભાઈ શાહ — ભાવનગર

૩ શ્રી હરેશકુમાર જયંતિલાલ શાહ — ભાવનગર

૪ શ્રી ખાન્તીલાલ રતીલાલ શાહ (કમળેજવાળા) — ભાવનગર

૫ શ્રી કીર્તીકુમાર ખાંતિલાલ શાહ (ભદ્રાવળવાળા) — ભાવનગર

૬ શ્રી હિંમતલાલ જયંતિલાલ મોદી — ભાવનગર

## નૂતન વર્ષાભિનંદનનું સ્નેહ મિલન

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૫૨ ના કારતક શુદ ૧/૨ (બેસતા વર્ષે) બુધવાર તા. ૨૫-૧૦-૯૫ ના રોજ દર વર્ષ મુજબ આ વર્ષે પણ નૂતન વર્ષાભિનંદન અને દુધ પાર્ટી સભામાં સવારના ૯ થી ૧૧ સુધી રાખવામાં આવેલ છે તો સભાના દરેક સભ્યશ્રી ભાઈઓ તથા બ્હેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેઈટ-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## 卐 નવા વર્ષ માટે પ્રાર્થના 卐

( રાગ–કલ્યાણ )

જીવન ઉજ્જવળ આપો નાથ! જીવન ઉજ્જવળ આપો;
ભવ ભય દુઃખને કાપો નાથ! જીવન ઉજ્જવળ આપો.

મનસા વાચા કર્મવડે હું, હિત સર્વનું સાધું;
અષ્ટ પ્રહર અંતરમાં તુજને, પ્રેમ ધરી આરાધું. જીવન૦ ૧

પ્રાણી માત્રે સમતા ભાવે, તુજમય સઘળું માનું;
સ્થળ સ્થળ તુજને રમતો ભાળું, રાજ્ય બધે સમતાનું. જીવન૦ ૨

પુણ્ય પંથના ઉત્તમ ભાવો, મુજ ઉરમાં ઉભરાવો;
કામ ક્રોધાદિ શત્રુને, મુજથી દૂર હઠાવો. જીવન૦ ૩

તૃષ્ણા મમતા કેરા ભાવો, ના મુજને ભરમાવે;
પરમાર્થે જીવન મુજ જાયે, એવા ભાવો ભાવે. જીવન૦ ૪

નિશ્ચલ ભાવે જગમાં વિહરું, શ્રેય કરું સૌ જગનું;
વિશ્વ પ્રેમનો મંત્ર ગજાવું, પુણ્ય ભરુ નરભવનું. જીવન૦ ૫

કર્મ કષાયો દૂર હઠાવું, એ બળ મુજને આપો;
ડગલે ડગલે સાથી બનજો, મુજ રગ રગમાં વ્યાપો. જીવન૦ ૬

અજિત સ્થાનમાં સ્થાપો પ્રભુજી! અક્ષય કીર્તિ માગું;
વાચક હેમેન્દ્રે શુભ ભાવો, જન્મ-મરણ દુઃખ ત્યાગું. જીવન૦ ૭

રચયિતા : **ઉપાધ્યાય હેમેન્દ્રસાગરજી–પાટણ** ( ઉ. ગુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મા બન્યો પરમાત્મા

પ્રવચનકાર : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી
અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઇ

[ યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રવચન-વાણીનો એક અંશ અમે અહીં રજૂ કરીએ છીએ. આજથી વર્ષો પહેલાં મુંબઇના ગોડીજીના ઉપાશ્રયમાં આચાર્ય શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજ સાહેબની આધ્યાત્મિક ચિંતનભરી વાણી વહી હતી. અહીં એ વાણીનો જૈનદર્શનના જાણીતા ચિંતક ડૉ. કુમારપાળ દેસાઇએ કરેલો અનુવાદ ક્રમશઃ પ્રગટ કરીશું, જે વાચકોને માટે અમૂલ્ય પ્રેરણારૂપ બનશે. ]

આત્મામાંથી પરમાત્મા કઇ રીતે બની શકાય તે વિશે વિચારીએ. આમ તો આ વિષય ઘણો ગૂઢ છે અને સહજગમ્ય નથી, તેમ છતાં એને સરળ રીતે સમજવા કોશિશ કરીએ.

## અભિન્નતા અને ભિન્નતા કેવી રીતે?

પ્રત્યેક આસ્તિક વ્યક્તિ આત્મા અને પરમાત્માને માને છે, પછી ભલે તેના સ્વરૂપ અને એની અન્ય બાબતોમાં મતભેદ હોય

જૈનદર્શનની દૃષ્ટિએ આત્મા અને પરમાત્મામાં કોઇ અંતર નથી, આમ છતાં બાહ્ય દૃષ્ટિએ જે અંતર દેખાય છે તે બાહ્ય કારણોથી સર્જાયેલું છે, અને તે બાહ્ય કારણો એટલે કર્મ....

કર્મોએ આત્માના સાચા સ્વરૂપને આચ્છાદિત કરી દીધું છે. આત્માને રાજામાંથી રંક બનાવી દીધો છે.

પ્રશ્ન એ છે કે આત્મા રંક છે અને પરમાત્મા રાજા છે તો તેને રંકમાંથી રાજા કેવી રીતે બનાવી શકાય? રંક રાજાની ગમે તેટલી સેવા-ચાકરી કરે, તેમ છતાં તે રંક જ રહે છે, રાજા નથી બની શકતો. તે જ રીતે આત્મા પરમાત્મારૂપી રાજાની ગમે તેટલી ભક્તિ કરે. પણ તે તો આત્મા જ રહેશે. રાજાની ગમે તેટલી સેવાચાકરી કરવા છતાં પ્રજા પ્રજા જ રહે છે, રાજા બનતી નથી નોકર શેઠની ગમે તેટલી સેવા કરે પણ તે કદિ શેઠ બની શકતો નથી, શેઠ શેઠ જ રહે છે. નોકર નોકર જ રહે છે. આ જ રીતે આત્મા પરમાત્માની ગમે તેટલી ભક્તિ કરે તે પરમાત્મા બનવામાં સર્વદા અને સર્વથા અસમર્થ છે. આ જ વિચારથી પ્રેરાઇને કેટલાંક દર્શનોએ ઇશ્વરને આત્માથી અલગ રાખ્યો છે. આત્મા અને પરમાત્મામાં જે ભિન્નતા છે તેને તેઓ સદાય અમિટ માને છે. તેમનું કહેવું છે કે પ્રજા રાજાની કક્ષાએ ક્યારેય પહોંચી શકતી નથી. પ્રજાનું કાર્ય તો રાજાના ગુણગાન ગાવાનું અને બે હાથ જોડીને તેની આજ્ઞાનું પાલન કરવાનું છે. જો તેઓ રાજાની કક્ષાએ પહોંચી જશે તો રાજા શાસન કોની પર કરશે? આ જ રીતે જો આત્મા પરમાત્માની કક્ષાએ પહોંચી જાય તો પરમાત્મા શાસન કોની પર કરશે?

એટલે આત્મા આત્મા જ રહેશે અને પરમાત્મા પરમાત્મા. જીવ અને શિવ ક્યારેય એક નથી થઇ શકતા. વળી મત ધરાવનારાઓનું કહેવું એમ છે કે જો આત્મા અને પરમાત્મામાં કશો ભેદ કે ભિન્નતા હોય નહીં અને બંને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન હોય, તો કોઇ પણ આત્માએ પરમાત્માની સેવાભક્તિ, ભજન-પૂજન શા માટે કરવા? નોકરને એમ કહેવામાં આવે છે કે તું નોકર નહીં, પણ શેઠ સમાન જ છે, તો તે નોકર અહંકારી બની જશે અને શેઠની સેવા-ચાકરી કરવાની એને જરૂર નહીં લાગે.

આ પ્રમાણે એક બિમારને વૈદ્ય એમ કહી દે કે તું બિમાર છે જ નહીં, હતો પણ નહીં અને થઈશ પણ નહીં, તું તો સદાકાળ નિરામય અને નીરોગી રહીશ, તો એ બિમાર વૈદ્યની દવા શા માટે લે? અને પરહેજી શા માટે પાળે?

આ વાતને સૂક્ષ્મતાથી વિચારીએ તો આ વિચારધારા એકાંતિક અને ભ્રાન્ત જણાશે. આત્મા અને પરમાત્માના પોતાના સ્વાભાવિક ગુણો પર ચિંતન કરતાં પ્રતીત થશે કે બંનેના વાસ્તવિક સ્વરૂપમાં કોઇ ભેદ નથી. આત્માનો પોતાનો ગુણ ચેતના છે અર્થાત જ્ઞાન-દર્શન-રૂપ ઉપયોગ છે. પરમાત્માનું પણ આ જ લક્ષણ છે.

કેટલાક દાર્શનિકો પરમાત્માને 'સચ્ચિદાનંદ' પણ કહે છે. સચ્ચિદાનંદ પદમાં ત્રણ ગુણોનો સમાવેશ થાય છે. સત્ એટલે કે સત્તા, ચિત્ત એટલે ચૈતન્ય અને આનંદ એટલે સુખ. ત્રણેય કાળમાં અસ્તિત્વ હોવું, જ્ઞાન-દર્શનમય (ચૈતન્યરૂપ) હોવું અને આનંદરૂપ હોવું, આ ત્રણેય ગુણ જેમ પરમાત્મામાં છે, તેવી જ રીતે આત્મામાં પણ વસેલા છે.

આત્મા ક્યારેય નષ્ટ થવાનો નથી, તેની સત્તા સદા-સર્વદા રહેશે. આત્માનો ચૈતન્ય ગુણ પણ આપણા અનુભવથી સિદ્ધ છે. જો આત્મામાં આ ચૈતન્ય ગુણ ન હોત તો તે જડ બની જાત.

મૃતદેહમાં ચેતના નથી હોતી એટલે એ કોઇ સંવેદના અનુભવી શકતું નથી. આ પ્રમાણે જો આત્મામાં સંવેદના ન હોય, તો તે પણ મૃતદેહની જેમ સંવેદનહીન જ હોય, પરંતુ આવું કદિ હોતું નથી.

### આત્મા-પરમાત્માનો ભેદ :

આનંદનો ગુણ એ આત્માનો સ્વાભાવિક ગુણ છે. એ ન હોત તો એને સુખની પ્રતીતિ કેવી રીતે થાય? પરમાત્માના આ ત્રણેય ગુણ આત્મામાં રહેલા છે, ત્યારે આત્માને પરમાત્માથી જુદો કઈ રીતે ગણી શકાય?

ગુણોના ભેદને કારણે જ એક પદાર્થને બીજા પદાર્થથી ભિન્ન જોઇ શકીએ, જ્યારે આત્મા અને પરમાત્માના ગુણોમાં કશી કોઇ ભિન્નતા નથી તેથી તેમને ભિન્ન માનવા યોગ્ય નથી.

જડ અને ચેતનના ગુણોમાં સ્વાભાવિક ભેદ છે. આ બંનેને અલગ-અલગ જોવા જાણવામાં આવે છે, પરંતુ આત્મા અને પરમાત્માનાં ગુણોમાં એવો કોઇ મૂળભૂત કે મૌલિક ભેદ નથી. પરિણામે આત્મા અને પરમાત્મામાં વસ્તુસ્વરૂપની દૃષ્ટિએ કોઇ મૌલિક ભેદ માની શકાતો નથી.

ખાણમાંથી નીકળેલા સુવર્ણ પર ઘણા માટી અને મેલ જામેલા હોય છે, જ્યારે વિશુદ્ધ સુવર્ણ પર સહેજે માટી-મેલ હોતા નથી, પરંતુ બંનેના સુવર્ણ તરીકેના સ્વભાવમાં કોઇ ભેદ કે ભિન્નતા નથી. માત્ર વિશુદ્ધ અને અશુદ્ધનો જે ભેદ દૃષ્ટિગોચર થાય છે તે સ્થાયી નથી, માત્ર થોડા સમયની અપેક્ષાથી છે.

આ રીતે આત્મા અને પરમાત્મામાં નિશ્ચય દૃષ્ટિએ, સ્વરૂપની અપેક્ષાએ મૂળભૂત કોઇ ભેદ ન હોવા છતાં પણ વ્યવહાર દૃષ્ટિએ વિશુદ્ધિ-અશુદ્ધિની અપેક્ષાએ દેખાતો ભેદ સ્થાયી નથી. સમય જતાં એ દૂર થઇ શકે છે અથવા તો વિશિષ્ટ ઉપાયોથી દૂર કરી શકાય છે.

પરમાત્મા પૂર્ણ શુદ્ધ હોવાથી તેમાં પોતાના સમસ્ત સ્વાભાવિક ગુણ પૂર્ણતાએ પહોંચી ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે, જ્યારે આત્મા હજી અશુદ્ધ હોવાથી એણે પોતાના સ્વાભાવિક ગુણોની પરિપૂર્ણતા પ્રાપ્ત કરી નથી. કર્મ-વિકારોથી આચ્છાદિત હોવાને કારણે આત્મા હજી અશુદ્ધ છે.

આ રીતે આત્મા અને પરમાત્મામાં મૌલિક ભેદ ન હોવા છતાં પણ દેખાતું ઔપાધિક અંતર તે કૃતક અને દૂર કરી શકાય તેવું છે. આત્મા અને પરમાત્મામાં દેખાતી ભિન્નતાનું કારણ આવરણ છે. આવરણો દૂર થઇ જતાં આત્માને પરમાત્મા બનવામાં કંઇ અવરોધ આવતો નથી. તે નિઃસંશયપણે પરમાત્મા બની જાય છે. વેદાંત પણ આજ સિદ્ધાંતનું નિરૂપણ કરતાં કહે છે.

'तत्वमसि'–" તે ( પરમાત્મા ) તું છે."

આ રીતે શુદ્ધ સંગ્રહનયની દૃષ્ટિએ સ્વરૂપની અપેક્ષાએ જૈન શાસ્ત્રમાં 'एगे आया' કહ્યું છે, એટલે કે આત્મા સામાન્ય હોય કે પરમ હોય, પણ એક જ છે.

આનો અર્થ એ કે આત્મા સ્વભાવને છોડીને પરભાવમાં આસક્ત કે મૂર્ચ્છિત હોય, ત્યાં સુધી આત્મા અને પરમાત્મા વચ્ચેનું અંતર રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ-દ્વેષ વગેરેને કારણે કર્મબંધન થાય છે. આત્મા આ જ વિકારોને શરીર અને શરીરને સંબંધિત સાંસારિક બાબતોના નિમિત્તથી વારંવાર અપનાવે છે. આને પરિણામે જેટલું કર્મબંધન ગાઢ અને વિશેષ માત્રામાં થતું જાય, તેટલો આત્મા પરમાત્માથી દૂર ચાલ્યો જાય છે.

તમે કહેશો કે આત્મા આ વિકારોને શા માટે ચોંટે છે? જ્ઞાની પુરુષ દર્શાવે છે કે મકાન તો ઇંટ-ચૂનો વગેરેનું બનેલું હોવા છતાં મોહવશ મનુષ્ય તેને પોતાનું માની લે છે. અન્યની પુત્રી હોવા છતાં પોતાના પુત્ર સાથે તેનાં લગ્ન થતાં તેના પર પિતાની મમતા જાગે છે. આ રીતે બાહ્ય વસ્તુઓ પર પણ નિકટના સંપર્કને લીધે મોહ જાગે છે. જે કર્મ શરીર સાથે સંબંધ રાખે છે, તેના પર પણ મોહ થઇ જવો સ્વાભાવિક છે. તેના પ્રત્યેના મોહને લીધે જ આત્મા અને પરમાત્મા વચ્ચે આટલી મોટી ખાઇ પડેલી છે. જે દિવસે કર્મોના તરફ મોહનું જાળું દૂર થશે, તે દિવસે બંને વચ્ચેનું આવરણ પણ દૂર થઇ જશે. ખાઇ પૂરાઇ જશે અને આત્મા – પરમાત્મા વચ્ચેનો ભેદ કે અંતર સમાપ્ત થઇ જશે. ઇસ્લામ ધર્મના એક શાયરે ગાયું છે–

"तू जिस्म जिगर और जहां नहीं जानता ।
फिर क्यों नहीं कहता, खुदा जो तू है दाना ।"

"જો તું શરીર, હૃદય અને સંસારને પોતાના નથી માનતો, તો પછી શા માટે કહી દેતો નથી કે હું ખુદા છું."

આ ત્રણે બાબતો શરીર અને આત્મા સાથે સંબંધિત છે. આ ત્રણે પ્રત્યે આસક્તિ નહીં હોય અને સ્વ-આત્માથી એ અલગ થઇ જશે, તો શુદ્ધ આત્મા સિવાય બીજું રહેશે શું? આવી અવસ્થામાં એને ખુદા કે પરમાત્મા કહેવો સહેજે અસંગત નથી. વળી આમાં અહંકારની પણ કોઇ છાયા નથી.

( ક્રમશઃ )



For Private And Personal Use Only

# કર્મરાજાની કરામત

( અંક ૭ ૮ થી ચાલુ )



સંકલન : **કાન્તીલાલ આર. સલોત**

( મહાસતિ શારદાબાઈના વ્યાખ્યાનમાંથી )

શેઠના ઘરમાં સારી કન્યા આવી એટલે શેઠને થયુ કે મારા માથેથી ઘરની જવાબદારી ઓછી થઇ. બધા આનંદથી રહે છે. આ છોકરી ( વહુ ) પોતાના સસરાને બહુ જ સારી રીતે સાચવે છે. શેઠ પણ તેને દીકરીની જેમ રાખે છે પણ કહેવત છે ને-આવતી કાલની કોને ખબર છે ?

" ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે "

આવતી કાલ કેવી ઉગશે તે આપણને ક્યાં ખબર છે ?

રાજગાદીના મનોરથો સેવતા શ્રી રામચંદ્રજીને આવતી કાલ કેવી હશે તેની શું ખબર હતી કે મને રાજ્યને બદલે વનમાં જવાનુ મળશે ? આપ પણ બધા ઉપરનું વાકય ઘણી વખત બોલો છો અને માનો પણ છો તો હવે ધર્મના વાયદા રખાય ખરા ? કાળ કોઇની રાહ જોતો નથી. માટે વાયદા પાપ કામમાં કરો, ધર્મમાં ન કરો. જે સમયે ધર્મ આરાધના કરવાના, તપ કરવાના ઉત્કૃષ્ટ ભાવ આવે ત્યારે કરી લેશો, ઉત્કૃષ્ટ ભાવે કર્મોના ભુક્કા થઇ જશે. અહીં શેઠ, દીકરો, વહુ બધા શાંતીથી રહેતા હતા, તેમાં અચાનક દીકરાને પેટમાં ભયંકર દુઃખાવો ઉપડ્યો અને ઘડી બેઘડીમાં કનૈયા કુંવર જેવો યુવાન દિકરો બધાને છોડીને આ ફાની દુનીયામાંથી ચાલ્યો ગયો. અહા, હા હા. કેવું દુઃખ આવ્યુ ? છોકરો નાનો હતો ત્યારે તેની માતા તેને મુકીને ચાલી ગઇ હતી. શેઠે માતાની જેમ વાત્સલ્ય, સ્નેહ, આપીને નોકરોની સહાયથી પુત્રને ઉછેર્યો. તેમણે મનમાં આશાના મિનારા કેટલા બાંધ્યા હશે ? બધા મનોરથો ધુળમાં મળી ગયા. હજુ દીકરો કુંવારો મરી ગયો હોત તો આઘાત ઓછો લાગત પણ પાછળ રૂપ રૂપના અંબાર જેવી પુત્રવધુને મુકીને.... ઘરમાં સાચવનારા સાસુજી છે નહી એટલે કેટલુ કઠીન કહેવાય ? તે સમયે આજના જેવો જમાનો ન હતો કે ફરી લગ્ન કરી લે. એને તો જીંદગીભર બ્રહ્મચર્ય પાળવાનું. શેઠને ખુબ જ આઘાત છે, ચોધાર આંસુએ રડે છે, ઝુરે છે, પછી મનમાં વિચાર કર્યો કે હે જીવ ! તારા કરેલા કર્મો તારે ભોગવવાના છે. તે કોઇને ત્યાંથી પૈસા પડ઼ાવ્યા હશે, તેનું લુટયું હશે, કોઇની થાપણ ઓળવી હશે તો દીકરો થાપણમાં આ કન્યા મુકીને ગયો, પત્નીને તો આઘાતનું પુછવું જ શું ? સંસારમાં પત્નિને મન પતી એ જ પોતાનું સર્વસ્વ છે. શેઠે વિચાર કર્યો કે આ યુવાન પુત્રવધુ છે એને હવે મારે સાચવવાની છે, એને ઓછું આવે નહી અને સાસરા કે પિયર પક્ષમાં કલંક લાગે નહી એ રીતે રાખવાની છે, સસરા ખુબ જ ગંભીર અને વિશાળ દિલના હતા, અમારી બેનોને સીતા જેવી વહુ જોઇએ છે તો તેમને કૌશલ્યા જેવું બનવુ પડશે, કૌશલ્યા જેવી સાસુ જોવે છે તો વહુને સીતા જેવું બનવુ પડશે.

બિચારી છોકરીનું ભાગ્ય ફુટયુ કે તેના ભાગ્યમાં પતિ સુખ નહિ હોય. તેના દિલમાં તો જબ્બર આઘાત છે. આઘાતને શાંત કરવા તે થોડા દિવસો માટે પિયર ગઇ, છ મહીના પીયર રહી. સંસ્કારી છોકરી છે વિચાર કર્યો કે ગમે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સ્થિતિ હોય પણ દીકરી તો સાસરે જ શોભે, "પિયરની પાલખી કરતા સાસરાની શુળી સારી" એમ સમજીને સાસરે આવી તે કહે છે બાપુજી! હું અહીં રહીશ. ભલે બેટા.... શેઠના ઘરમાં યુવાન ઘાટી હતો તે કાઢી નાખ્યો. વૃદ્ધ રસોયો છે. શેઠ ખુબ વિવેકવાન **અને** ધર્મ પરાયણ હતા. તેઓ પોતાની વિધવા પુત્રવધૂની સ્થિતિને સારી રીતે જાણતા હતા. શેઠે વિચાર કર્યો કે- આ વહુને જો હું સારી રીતે નહી રાખુ, જેમ તેમ વચનો સંભળાવીને એને દુઃખી કરીશ તો એ દુઃખના કારણે કદાચ **આપઘાત** કરી લેશે એટલા માટે હું તેને એવી રીતે રાખુ કે તેનું મન ઘરમાં રહે અને તેનું ચિત્ત પણ ધર્મમાં રહે. આ પ્રમાણે વિચાર કરીને શેઠે એક દીવસ પુત્રવધુને કહ્યું. બેટા! લો આ બધી ચાવીઓ, ઘરની, ભંડારની, તીજોરીની બધી ચાવીઓ એમાં છે. હવે તમે આ ઘરના માલીક છો, ઘરમાં જેટલી વસ્તુઓ છે તે બધા પર તમારો અધિકાર છે, તમારી જે ઇચ્છા થાય એ પ્રમાણે ઉપયોગ કરજો. તમારે ખાવા પીવા પહેરવા ઓઢવા માટે જે કોઇ વસ્તુ જોઇએ તે મંગાવી લેજો પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખજો કે તમારા જીવનનું એવું આચરણ ક્યારે પણ ન થાય કે જેથી તમારા પિતૃ કુળમાં કે શ્વસુર કુળમાં કલંક લાગે, અને સમાજમાં નીચુ જોવુ પડે સસરાની વાત વહુએ સહર્ષ સ્વીકારી લીધી. હવે આખા ઘરની સત્તાધીશ તે બની ગઇ, આખા ઘરનો ભાર તેને માથે આવી પડવાથી તેનામાં ગંભીરતા પણ આવી ગઇ. તેના ઉદાર અને સારા સ્વભાવને કારણે પાડોશીઓમાં અને ઘરમાં બધા માણસોને પ્રિય થઇ ગઇ. નોકરોની સંભાળ પણ માતાની જેમ રાખતી હતી. સસરાજી તો બેટી દીકરી કહીને બોલાવતા. ખાવા પીવાની ખુબ સગવડતાઓ અને બધી આઝાદી તેને મળી ગઇ એટલે તે ઉત્સાહથી ઘરના કાર્યો કરતી. ધીમે ધીમે તે પોતાનું દુઃખ ભૂલી ગઇ. રોજ સારા સારા ખાન પાન જમવા લાગી. સ્વાદીષ્ટ અને માદક ભોજન જમે છે તેથી ઇન્દ્રીયોના ઘોડા છુટા થઇ ગયા. સારા ભોજનની સાથે જીવનમાં જો સંયમ અને તપ ન હોય તો તેનું જીવન પતનની ખાયમાં પટકાઇ જાય છે. ભલે તે વિધવા હતી પણ યુવાની તો પુર જોશમાં ખીલેલી હતી. સારા સારા ભોજન ખાય અને તપ ન હોય તો શું થાય?

તપ તો હતો નહી એટલે ઇન્દ્રીયોના વિષય વાસનાના ઘોડા દોડવા લાગ્યા.

ભગવાને સંતોને કહ્યું છે કે હે મારા સાધક! તું રોજ રોજ સ્વાદિષ્ટ ભોજન જમીશ નહી, શુદ્ધ બ્રહ્મચર્ય પાળવા માટે તું નીરસ લુખો આહાર કરજે.

આ પુત્રવધુના મનમાં તો અશુભ વિચારોએ અડ્ડો જમાવ્યો. તેના વિચારોમાં વિકૃતિ આવી. તેણે મનમાં ને મનમાં વિચાર્યુ કે હું કોઇ એવો ઉપાય કરૂ કે જેથી મારી કામવાસના શાંત થાય પણ મારા સસરાજીએ મને કહ્યું છે કે તમો સસરા કે પિયર પક્ષમાં કલંક લાગે તેવું કાર્ય કરશો નહી. તો મારા પિતા તુલ્ય સસરાજીનું વચન તો સાચવુ પડે. હવે મારૂ મન કન્ટ્રોલમાં રહેતુ નથી. સંસારના સુખો જોઇએ છે. મારી વાત બહાર કોઇ જાણે નહી અને એકેય પક્ષને કલંક લાગે નહી એવો કોઇ ઉપાય શોધી કાઢું. આ વિચારની સસરાજીને ખબર પડી કે પુત્રવધુ શું કરવા માગે છે તેથી તેણે પુત્રવધૂને સુધારવા કેવો કીમીયો કર્યો....

તે હવે પછી આવતા અંકમાં....

(ક્રમશઃ)

For Private And Personal Use Only

## દાદાસાહેબ-ભાવનગર મધ્યે ઉલ્લાસમય-પ્રભાવશાળી

# ચાતુર્માસની એક ઝલક

ભાવનગર તપા. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની ઘણા સમયની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી ૩૬ વર્ષના સુદીર્ઘ સમય બાદ તા. ૩૦-૬-૯૫ના શકવર્તી ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ દાદાસાહેબમાં પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી સુબોધસાગરસૂરિ મહારાજ સાહેબના પૂજ્ય ભગવતીજી સૂત્રના પ્રાભાવિક પ્રવચનો તથા કૃષ્ણનગર જૈન ઉપાશ્રયે પૂજ્ય આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરિ મહારાજ સાહેબના પૂજ્ય ઉત્તરાધ્યયન સૂત્રના પ્રાભાવિક પ્રવચનો તથા રાધનપુરી બજાર નૂતન ઉપાશ્રયે પૂજ્ય પ્રવર્તક શ્રી યશકીર્તિસાગરજી મહારાજની નિશ્રામાં પૂજ્ય મુનિવર્ય શ્રી રાજકીર્તિસાગરજી મહારાજના 'ધર્મરત્ન' ગ્રન્થના પ્રાભાવિક પ્રવચનો તથા શાસ્ત્રીનગર જૈન ઉપાશ્રયે પૂજ્ય મુનિવર્ય શ્રી નીતિસાગરજી મહારાજના પર્વની આરાધનાના પ્રભાવે તથા યુવા મુનિવર્ય શ્રી ઉદયકીર્તિસાગરજી મહારાજના રવિવારીય જાહેર પ્રાભાવિક પ્રવચનોના પ્રભાવે શ્રી સંઘમાં આરાધનાનું અભૂતપૂર્વ ઉત્સાહનું વાતાવરણ પ્રસાર થયું. તા. ૧૯-૭-૯૫ના મંગલ દિવસે ૬૦૦ આરાધકોએ શ્રી ગણધરતપની સમૂહ આરાધનામાં ૧૩ ઉપવાસ અને ૧૧ પારણા સહ ૨૪ દિવસની ઉલ્લાસમય અનુમોદનીય આરાધના કરી. ૧૧ ભાવિકોએ તપસ્વીની ભક્તિનો લાભ લઇ જીવન સફળ બનાવ્યું. તેમજ શેઠ શ્રી ફતેચંદ સોમચંદ શાહ પરિવાર ચાતુર્માસ પરિવર્તનનો લાભ લેશે. ઘોઘા છ'રી' પાલીત યાત્રા સંઘનો શેઠ શ્રી ચંદ્રકાન્ત હકમચંદ વોરા ટાણાવાળા પરિવાર લાભ લેશે. તેમજ ભાવનગરથી પાલીતાણા સિદ્ધગિરિનો છ'રી' પાલિત યાત્રા સંઘનો ખડસલીયા નિવાસી શેઠ શ્રી રમણીકલાલ હરિલાલ શાહ પરિવાર લાભ લેશે. યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્યશ્રી અમદાવાદ થઇ વિજાપુર પધારશે.

કોટિ કોટિ વંદન....પૂ. ગુરૂવર્યોના ચરણ કમલમાં....

## પરમાત્માની લગની.....



તપથી કર્મનો દોષ દૂર થાય છે,
મન અને કાયા વિશુદ્ધ બને છે,
તિર્થ, તપ અને ત્યાગ કરવા છતાં
તેમાં લીનતા ન હોય તો તારણ નથી.
ભૂખ અને તરસ લાગે ત્યારે જીવ કેવો આકુળ વ્યાકુળ થાય છે
તેમ પરમાત્માને પામવા માટે જીવ આકુળ વ્યાકુળ થાય
અને તેની જ લગની લાગી જાય તો પરમાત્માને પામી શકાય.

સંકલન : પ્રતાપભાઈ એન. દોશી ⌧ પ્લોટ નં. ૯૭૬-B, કૃષ્ણનગર, ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




... ગોડીજી ઉપાશ્રય-ભાવનગર શહેર મધ્યે ...

# અવિસ્મરણીય ચાતુર્માસ

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય કમિટીની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી પરમ પૂજ્ય શાસનસમ્રાટ્ સમુદાયના પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પરમ પૂજ્ય શાસનદીપક આચાર્યદેવ શ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય પન્યાસ શ્રી યશોદેવવિજયજી મહારાજ, પૂજ્ય મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજ, પૂજ્ય પ્રવચનકાર યુવામુનિ શ્રી જયપ્રભવિજયજી મહારાજ આદિ ઠાણા-૪ ચાતુર્માસાર્થે અત્રે પધાર્યા છે. અષાડ શુદ-૫ ને સોમવાર તા. ૩-૭-૯૫ના રોજ ખુબ જ ઉત્સાહ ઉમંગપૂર્વક શાનદાર રીતે ચાતુર્માસ પ્રવેશ થયેલ. ચાતુર્માસ પ્રવેશ બાદ સાંકળી અઠ્ઠમ-સામુદાયિક મોક્ષદંડ તપની ભવ્ય આરાધનામાં ૨૫૦ તપસ્વી જોડાયેલ, દર રવિવારે જાહેર પ્રવચન શ્રેણી "કર્મતણી ગતિ ન્યારી"નાં વિષયમાં અપાર જનમેદની ઉમટેલ, પર્યુષણ પર્વની ભવ્ય આરાધના, પર્યુષણ બાદ સંસારની સ્વાર્થ જાળ ભાગ-૪ની જાહેર પ્રવચન શ્રેણી તથા ભવ્યાતિભવ્ય ૪ યુવા શિબીરનું આયોજન, પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની જન્મ શતાબ્દિ નિમિત્તે શાનદાર દશાહ્નિકા મહોત્સવ, ૫૧ છોડનું ઉજમણું તથા દિવાળી બાદ પૂજ્ય દાદા મહારાજની સ્વર્ગવાસ તિથી નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવનું આયોજન અને ચાતુર્માસ પૂર્ણાહુતિ બાદ માગશર વદ-૧ના શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાલિત સંઘ નીકળશે. આવા અનેક વિધ શાસનપ્રભાવક કાર્યો દ્વારા વિ સં. ૨૦૫૧ની સાલનું ચાતુર્માસ અવિસ્મરણીય બની રહેશે.

પૂજ્ય ગુરૂદેવોના ચરણોમાં કોડી કોટી વંદના....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ हिन्दी विभाग ❀

## धारावाहिक धार्मिक कथा जिनदत्त

भाग–३

लेखक : राजयश विजय

इस से पूर्व आप पढ चुके हैं कि जिनदत्त समुद्रमें गिरने के बाजूद बच गया और उसका विवाह विज्जाहरी से हो गया। विवाह के अवसर पर उसे १६ विद्याएं और मन इच्छित विमान बनाने की शक्ति मिली। विद्या के बल पर ही वह वामन बना।

अब आगे पढिये।

विज्जाहरी ने विमलमती से कहा, "यह जिनदत्त ही है तथा यह विद्याबल से ऐसा हुआ है।" तब श्रीमती ने कहा, "हे सखि! प्रायः यह सब सत्य ही लगता है।" राजा आदि के वचक सुनकर विमलमतीने क्रोध पूर्वक कहा, "हे मुग्धे। अब मुझे कोई धोखा नहीं दे सकता। मुझे ऐसा विश्वास हैं कि इस के पास विद्याए सिद्ध हैं अथवा देवता आदि का इसे वर प्राप्त है अथवा यह कोई धुर्त है।" फिर विमलमती वामन को कहने लगी, 'मैं तुम्हारे कहने से ठगी नहीं जाउंगी। हापाक सेठ की पत्नियों की तरह मैं अपनी स्थिति नहीं बनाना चाहती।" पास में बैठी हुई श्रीमती कहने लगी, "हे बहना यह हापाक सेठ कौन है?" फिर विमलमती ने हापाक सेठकी कथा कहनी प्रारम्भ की।

प्रतिष्ठानपुर नगर में जितशत्रु नाम का राजा था। उस नगर में एक सेठ रहता था। उस का नाम हापाक था। उस के पास क्रोडो रुपये थे परन्तु वह बहुत अधिक कृपण था। उसने न कभी अच्छा खाया था, नहीं अच्छा पीता था। धन होने पर भी वह महादरिद्र था। धन के लिये वह स्थान स्थान पर जाता था। उस की दो पत्नियां थी! उन को कोई सांसारिक सुख प्राप्त नहीं था। खान, पान, वस्त्र, विस्तार आदि सब गरीबों जैसे थे। एकबार एक धूर्त उन के मकान के पास आया। उसने मकान के अन्दर झांक कर देखा तो दोनों स्त्रियोंको फटे पुराने वस्त्रो में देखा।

वह धूर्त किसी यक्ष के मन्दिर में गया। पहले उसने तीन उपवास किये और फिर यक्ष को प्रत्यक्ष कर कहने लगा, "मुझे हापाक सेठ का रूप दो।" उस ने उत्तर दिया, यह अनुचित है, मैं ऐसा रूप नहीं दूंगा। फिर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इस धूर्त ने चार व्रत किये। फिर वह यक्ष सोचने लगा, "यदि ये मेरे कारण मर गया तो मेरा स्थान निष्फल हो जाएगा।" ऐसा विचार कर उसे हापाक सेठका रूप दे दिया और उसे शीघ्र वहां से निकल जाने के लिये कहा।

मन इच्छित रूप का वरदान मिलने पर धूर्त ने हापाक सेठ का रूप धारण किया और निर्विघ्न सेठके घर में पहुंच गया और सर्व प्रथम सेठ के लडको तथा कोशाध्यक्ष के सन्मुख कहने लगा--

दानं भोगस्तथा नाशः
स्याद् द्रव्यस्य गतित्रयम्।
यो न दत्ते, न भुङक्ते च,
तस्य तृतीया गतिर्भवति॥

अर्थात् धन की तीन गतियां है (१) दान (२) भोग (३) नाश। जो न देता है, जो न उसका उपभोग करता है तो धन की तीसरी गति (नाश) होती है।

फिर वह कहने लगा, "एक अमीर व्यक्ति समुद्र में डूब कर मर गया और उसके सारे जहाज भी समुद्र में डूब कर समाप्त हो गये। इस से मेरे हृदय पर बहुत बडी चोट लगी और मैं ने यह दृढ निश्चय किया कि यदि मैं कुशल पूर्वक घर पहुंच जाऊं तो मैं सब की मनोकामनाएं पूर्ण कर दुंगा और अपनी कृपणता का त्याग कर दूंगा" इस प्रकार कपोल कल्पित भाषा द्वारा अपने परिवार के सदस्यों को संतुष्ट किया।

दोनों स्त्रियों को सुवर्णभूषण तथा पहिनने के लिए कीमति वस्त्र दिये सेठ के पुत्रो द्वारपालो तथा कर्मचारियों को पहिनने के लिए बढिया वस्त्र दिये तथा खाने के लिये दूध, चावल, घी, बढिया पक्वान और मिठाइयां आदि दी और स्वयं भी खाने लगा। घर के समीप एक दानशाला खुलवा दी जिस में दीन और अनाथ लोगो को भोजन दिया जाता था। कभी कभी साधर्मि वत्सल भी करता था, सभी मन्दिरों में धन देने लगा। झूलती हुई चारपाई पर दोनों स्त्रियों के साथ अगंज आदि भी खेलता था। उस ने निम्न लिखित श्लोक को सत्य प्रमाणित कर दिया :-

कीटिका सञ्चितं धान्यं,
मक्षिका सञ्चितं मधु।
कृपणैः सञ्चितं वित्तं,
परैरेवोपभुज्यते॥

अर्थात: कीडियों द्वारा एकत्रित किया हुआ हुआ अनाज मधुमक्खियों द्वारा सञ्चित शहद, कन्जुसो द्वारा एकत्रित किया हुआ धन दूसरो के द्वारा ही उपभोग में आता है।

कुछ दिनों के पश्चात् असली हापाक सेठ भी घर लौट आया। घर आने पर द्वारपालों ने उसे घर में प्रवेश ही नहीं करने दिया। द्वारपाल ने कहा, "तुम कौन हो।" उस ने कहा, "मेरा नाम हापाक है और मैं घर का स्वामी हूं।" द्वारपाल ने उत्तर दिया, "एक हापाक तो पहले से ही घरमें बैठा है तुम तो कोई धूर्त लगते हो।" वह विचार करने लगा, इस समय बात करनी निरर्थक है, प्रातः देखा जायगा।"

प्रातः होने पर कन्जूस सेठने किसी दूसरे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हापाक सेठ को अपने घर में देखा। वह विचार करने लगा, "किसी धूर्त ने मेरे घरको लूट लिया है। मुझे तो इस में प्रवेश भी नहीं मिल रहा, अपने घर में ही मुझे चोर समझा जाता हैं। मैं अपना दुःख किस के आगे कहूं ?" इस प्रकार विचार मग्न होते हुए उसने कुछ फल आदि लेकर राजा के पास जाने का निश्चय किया। राजा के पास जाने पर राजाने उसका कुशलक्षेम पूछा तथा सेठने अपनी अवस्था राजा के सन्मुख रखी।

राजा न्यायप्रिय एवं धर्मनिष्ठ था। राजाने अपने सिपाहियों को भेजकर बनावटी हापाक सेठ, द्वारपाल आदि घर के लोगों को बुलाया। बनावटी सेठ रत्न, मणि, स्वर्ण तथा आभूषणों से थाल भरकर राजा को भेंट देने के लिये ले गया। जब दोनों सेठ राजा के पास पहुंच गये तो राजा भी विस्मित हो गया कि न्याय कैसे करे ? मंत्रियों से विचार कर हापाक सेठ की दोनों पत्नियों को भी राजदरबार में बुलाया गया।

राजाने अपना न्याय सुनाते हुए कहा, हे सुन्दरियो ! मैं नहीं जानता कि कौनसा सेठ सच्चा है ? मैं न्याय आप पर छोड़ता हूं। जो भी इन में सच्चा सेठ है उसकी बाहों में चले जाओ। इस का पुण्यपाप आप पर होगा। मैं इस सम्बन्ध में निष्कलंक हूं।" उनमें से एक सेठने बनावटी सेठको अंगीकार किया। यह बनाव देखकर सच्चा सेठ तो हताश हो गया और उसे बहुत दुःख हुआ। राजा के सिपाहियोंने उसे मारना भी शरू कर दिया।

असली हापाक सेठ की दुर्दशा देखकर धूर्तहापाक का दिल करूणा से भर गया और राजासे कहने लगा, "हे कृपालु राजन ! मैं कुछ कहना चाहता हूं।" राजाने कहा, "अगर तुम्हारा कोई दण्ड भी होगा तो तुम्हें क्षमा कर दिया जाएगा। सत्य बोलिए।" तब धूर्तने कहा, "देव ! यह सेठ सच्चा है मैं ही धूर्त हूं। तब धूर्तने सब वृत्तान्त राजा से कहा। तब धूर्तने सब कुछ असली सेठ को देते हुए कहा :—

**दातव्यं भोक्तव्यं,**
**सति विभवे सञ्चयो न कर्त्तव्यः।**
**यदि सञ्चयं करिष्यसि,**
**हापा ! पुनरागमिष्यामि ॥**

अर्थात् अगर धन हो तो दान देना चाहिये, धन को खर्च करना चाहिये परन्तु धन का सञ्चय नहीं करना चाहिये। यदि सञ्चय करोगे तो मैं हापा फिर आ जाऊंगा। फिर बनावटी हापा अपने स्थान पर चला गया।

फिर त्रिभुवनमती ने वामन और श्रीमती को सम्बोधन करते हुए कहा, "मैं अपनी परिस्थिति सेठ की पत्नियों के सदृश नहीं बनना चाहती।" जिनदत्त रूप वामन अपनी पत्नियों की शील में दृढता देखकर प्रसन्न हुआ।

राजा का हाथी मदोन्मत्त हो गया। सर्व प्रथम जिस खम्भे के साथ बन्धा था उसे तोड़ दिया। फिर वह गजराज अपनी सुण्ड से बहुत से नगरवासियों को मारने लगा चीजों को तोडने लगा। सब मनुष्यों के लिए वह साक्षात् कालका रूप था। सभी दिशाओं में भय व्याप्त

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हो गया। तब राजा भी बहुत भयभीत हो गया और यह उद्घोषणा करवाई "जो भी कोई व्यक्ति इस हाथी को काबू करेगा उसके साथ राजकन्या मदनमंजरी का विवाह होगा तथा उसको आधा राज्य दिया जायगा।" उद्घोषणा सुनकर वामन (कुबडे)ने इस कार्य को करनें की स्वीकृती दी।

उसने गजवशीकरणी विद्या को स्मरण किया। उसने हाथी के पास आ कर कहा, "हे गजराज! वृथा लोगों को क्यों परेशान कर रहे हो। यदि तुझमें शक्ति है तो मेरे सामने आओ" यह सुनकर हाथी कोपायमान होकर अपनी सुण्ड को ऊंची कर दौडने लगा। वामन उसके आगे आगे तेजी से चलने लगा। इस प्रकार करने से हाथी एकदम थक गया। फिर वामन जल्दी से हाथी के ऊपर चढ़ गया और कुम्भ-स्थल पर मुष्टि प्रहार कर उसे वश में किया। जब हाथी पूरी तरह ठीक हो गया तो उसे हस्तीशाला में बान्ध दिया।

फिर वामन ने राजा से कहा, "अपनी प्रतिज्ञा पूरी कीजिए।" राजा सोच विचार में पड गया क्यों कि कूबडा रूप जिनदत्त सुन्दर नहीं था। राजा सोचने लगा कहां मेरी रूपवती कन्या और कहां यह कूबडा। इन दोनो का मेल नहीं खाता। इस प्रकार टालते हुए राजाने कई दिन व्यतीत कर दिये। कुछ समय व्यतीत होने पर उस नगरमें एक केवली भगवान पधारे। मालीने आकर इस की सूचना राजा को दी।

राजा भी केवली भगवन्त की देशना सुननें के लिये पधारे। केवली भगवन्त ने अपनी देशना में कहा. "भव्य जीवों में ज्ञान ही दुर्लभ है। कहा भी है :-

**आहार निद्रा भयमैथुनानि तुल्यानि**
**सार्द्धं पशुभिनराणम्।**
**ज्ञानं नराणामधिको विशेषो,**
**ज्ञानेन हीनाः पशवो मनुष्याः॥**

अर्थात् पशुओं और मनुष्यों में आहार, निद्रा, भय और मैथुन समान रूप से होते हैं परन्तु मनुष्यों में ज्ञान विशेष रूपमें होता है। ज्ञान से रहित मनुष्य पशु हैं।

**तुल्येऽपि उदरभरणे मूढ**
**अमूढानां पश्य विपाकम्।**
**एकेषां नरकदुःखम्,**
**अन्येषां शाश्वतं सुखम्॥**

अर्थात् - मूर्ख और बुद्धिमान पेटभरने में एक समान हैं परन्तु इस के फल को देखो। एक को तो नरक का दुःख मिलता है और दूसरे मोक्षरूपी शाश्वत सुख प्राप्त करते हैं।

देशना के अन्तमें राजाने पूछा, "हे प्रभो! मेरी पुत्री का वर कौन होगा।" उस समय केवल ज्ञानी ने कहा, "यही वामन तुम्हारी पुत्री का वर होगा।" राजाने कहा "यह अनुचित सम्बन्ध कैसे ठीक रहेगा।" केवली भगवानने कहा, "राजन्। यह ही उचित योग है। इसे केवल कूबडा ही न समझो, यह वसन्तपुर के क्रोडाधिपति जीव देव सेठ का पुत्र जिनदत्त है। यह विद्या के बल से वामन बना है और ऐसा करते हुए यह केवल विनाद मात्र ही करता है।"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



राजा अपने स्थानमें वापिस आया और वामन को कहने लगा, "हे विद्यासिद्ध ! हे गुणवृद्ध ! हे जगत्प्रसिद्ध ! हे भाग्यसमृद्ध ! अपने कौतुक को छोडकर अपना असली रूप प्रकट करो, माया रूप को समाप्त करो और मेरी पुत्री को स्वीकार करो।" राजा की प्रेरणा से वामनने अपना असली रूप प्रकट किया तथा अपनी पुत्री मदनमंजरी का विवाह जिनदत्त के साथ कर दिया। राजाने आधे राज्य की बजाय सारा राज्य जिनदत्त को दे दिया और स्वयं दीक्षा ग्रहण कर ली।

[क्रमशः]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# दोषी कौन धर्म या उसके अनुयाई

—मुनि नवीनचन्द्र विजय

साम्प्रदायिक दंगे हमारे देशके लिये कोई नई बात नहीं है। जब जब भी कोई धार्मिक प्रसंग उपस्थित होता है—चाहे वह हिन्दु धर्मसे संबंधित हो या इस्लाम, सैकडों लोगों के मौत का कारण बनता है। धार्मिक प्रसंग उनके लिये आनंद और उत्सव नहीं, चित्कार और मातम का पैगाम लेकर आते हैं।

६ दिसम्बर १९९२ का दिन भी हजारों निर्दोष लोगोंके लिये चित्कार मातम और खूनकी उफनती नदी लेकर आया जिसने लाशों के ढेर खडे कर दिये। हजारों परिवार बेघर, बेसहारा हो गये। कुछ दिनों तक सम्पूर्ण देश हिंसा की चपेट में अन गमन और साम्प्रदायिक दंगों के दानव ने सर्वत्र अपने हाथ फैला दिये सारी सुरक्षा व्यवस्था धरी की धरी रह गई। सारा तंत्र निष्क्रिय हो गया।

इस बार दंगों का कारण कोई धार्मिक उत्सव या पर्व त्यौहार नहीं था। यह प्रसंग था बाबरी मस्जिद ढांचे को ढहाना। बाबरी मस्जिद तथा ढही हजारों लोगों की बेश कीमती जिंदगियां ढह गई और उनकी आस्था के केन्द्र सैकडों मंदिर भी ढहाये गये। पाकिस्तान और बांगला-देश आदि अन्य देशों में भी मंदिरों को गिराया और जलाया गया। दंगाईयों और उपद्रवियों से जैन मन्दिर भी बच नहीं पाए और कई जैन मन्दिर भी तोडफोड के शिकार हुए इससे हम जैन को दुःख और वेदना होना स्वाभाविक है।

ऐसी स्थिति में हमारे मनमें ये प्रश्न सहज रूपसे उपस्थित होते हैं कि हमारे देश का धार्मिक भविष्य कैसा होगा। क्या धार्मिक सहिष्णुता का साम्राज्य पुनः स्थापित होगा। क्या धार्मिक कट्टरता का उन्माद बढता ही जाएगा। क्या हम नफरतकी खाईको पार सकेंगे। इन प्रश्नोंके उत्तर खोज पाना आसान नहीं है।

यहां चिंतनीय विषय यह है कि यहां दोषी कौन है। धर्म या सम्प्रदाय या उसके अनुयाई, राजनीति या राजनेता, संविधान या न्यायालय। कुछ क्षण के लिये राजनीति या संविधान को एक ओर हटा दें। धर्म और सम्प्रदाय जिस के लिये इतना उत्पात और उपद्रव किया जा रहा है। उसके विषयमें एक तटस्थ विश्लेषण की आवश्यकता है।

आश्चर्य की बात यह है कि धर्म जिसका अवतरण संसार में दीन दुखियों के उद्धार के लिये हुआ हो, जिसका कार्य सुरक्षा, बन्धुत्व, भाईचारा, स्नेह, सदभाव, प्रेम और सद्गुणों

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विकास करता रहा हो, जिस का जन्म संसारके दुखों को दूर करने के लिये सर्वत्र सुख का साम्राज्य फैलाने के लिये हुआ हो, जो भौतिक आधि, व्याधि और उपाधि से मुक्त कर मोक्ष दिलाने की गारंटी देता हो। वह संसार को इतना दुःखी क्यों बना रहा है। जिसकी शर्त जीवन आनंद और निर्भयता देने का था वह आज मनुष्य को मौत, वेदना, डर और आतंक क्यों दे रहा है। धर्म को मनुष्यने इसलिये धारण किया था कि वह उसे बन्धुत्व, प्रेम और मुक्ति देगा, परन्तु बजाय इसके वह हमें घृणा, द्वेष वैर और बंध ही दे रहा है। आखिर ऐसा क्यों हो रहा है। क्या धर्म आपने लक्ष्य से भ्रष्ट हो गया है। क्या उसका स्वरूप बदल गया है। जो वर्तमान स्थिति उत्पन्न हुई उसका एकमात्र कारण धर्म ही है। क्या धर्म ही इन सभी संकटों की जड़ है। और यदि धर्म ही इसका कारण है तो ऐसे धर्म को तो दूर से ही सलाम करना चाहिये। चाहे वह धर्म जैन हो या बौद्ध, हिन्दु हो या इस्लाम, सिख हो या ईसाई। सभी धर्म एक ही बन्सी के छेद हैं। इसलिये सभी धर्म अस्वीकार्य हैं। किसी एक से भी लक्ष्य सिद्ध नहीं होता। सभी धर्म यही दावा करते हैं कि हमने जो सत्य खोजा है वही अंतिम सत्य है। इसी धर्म के पालन से मोक्ष मिल सकता है। इसी धर्म से संसार को स्वर्ग बनाया जा सकता है। ऐसे में इन धर्मों की सत्यता पर प्रश्न चिन्ह लगता है। सच्चा धर्म कौन सा है। लोग किसका स्वीकार करे। कौन सा धर्म उन्हें मुक्ति दे सकता है। व्यक्ति किसी एक ही धर्म का पालन कर सकता है क्यों कि सभी धर्मों के भगवान, गुरु, मंदिर, पूजा आ और प्रार्थना स्थान भिन्न भिन्न हैं। सभी के धर्मग्रन्थ मान्यताएं और विश्वास भी अलग अलग है। धार्मिक विषयमें व्यक्ति किसी एक ही आस्था के साथ जी सकता है और किसी एक ही आस्था को लेकर मर सकता है। यह व्यक्ति की लाचारी है और वह कट्टर भी किसी एक विश्वास को लेकर ही होता है और धर्म के विषय में जो जितना कट्टर होगा वह उतना ही धार्मिक असहिष्णु होगा।

सर्वप्रथम हमें यह अच्छी तरह समझ लेना चाहिये कि धर्म का प्रदुर्भाव हुआ और उसके बाद उस धर्म के सम्प्रदाय का। प्राणिमात्र के कल्याणके लिये ही धर्म का जन्म होता है। फिर उस धर्म की रक्षा के लिये सम्प्रदाय का। सम्प्रदाय का उद्देश्य किसी भी उपाय से उस धर्म की हिफाजत करना होता है। जब धर्म दब जाता है, उसका उद्देश्य भी नष्ट हो जाता है केवल बचता है उसका सम्प्रदाय जिसमें अंध, बिवेकहीन लोगों की भीड रहती है। उस भीड का यह दावा होता है कि हम अपने धर्म के सच्चे प्रतिनिधि हैं। वह भीड अपने धर्म और सम्प्रदाय के लिये सब कुछ उपयुक्त और जायज समझती है।

झरना जब पहाड से निकलता है तब वह अपने आप में बहुत पवित्र और स्वच्छ होता है, पर जैसे ही वह अपना स्थान छोडकर आगे बढता है। उसमें अन्य अनेक नदी, नाले नालियां आकर मिलती हैं और झरने के मूलरूप का विकृत कर देते है। वह झरना चाहकर भी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपने मूलरूप को कायम नहीं रख सकता यह उसकी मजबूरी होती है।

धर्म झरना है और सम्प्रदाय उसमें आकर गिरने वाले नदी, नाले और नालियां। झरनेकी स्वच्छता और पवित्रता की गारंटी दी जा सकती है, पर नदी नाले और नालियों की पवित्रता की गारंटी किसी भी हालत में नहीं दी जा सकती।

वर्तमान परिप्रेक्ष्य में जो कुछ हो रहा है वह धर्म के नाम पर ही हो रहा है, पर इसमें धर्म का कोई दोष नहीं है। धर्म इसके लिये कभी भी उत्तर दायी नहीं हो सकता। दोषी और उत्तरदायी केवल सम्प्रदाय है सम्प्रदायिक लोग हैं। धर्म और सम्प्रदाय को अलग देखें। किसी की हत्या या खून करने का उपदेश धर्म नहीं देता न दे सकता है, पर सम्प्रदाय इसकी अनुमति देता है। धर्म को महान, दिव्य और तारणहार कहा जा सकता है, पर उसके सम्प्रदाय को कदापि महान, दिव्य और तारणहार नहीं कहा जा सकता। न सम्प्रदाय इस योग्य होता है।

जो दंगे हो रहे हैं वे धार्मिक नहीं, सांप्रदायिक हैं। इसलिये जो कुछ हो रहा है वह सम्प्रदायों के द्वारा हो रहा है, धर्म के द्वारा नहीं। संसार का प्रत्येक धर्म संप्रदाय के शिकंजे में कसा हुआ हैं। अयोध्या में जो बाबरी मस्जिद ढाई गई वह किसी धर्मके द्वारा नहीं एक पक्ष या सम्प्रदाय के द्वारा ढाई गई है। मस्जिद गिरने के बाद उसकी प्रतिक्रिया में जो हिन्दु और जैन मन्दिर तोडे जलाये गये वे धर्म के द्वारा नहीं, संप्रदाय के द्वारा तोडे गये और जलाये गये हैं।

अब सोचने की बात यह है कि वह संप्रदाय किन लोगों के हाथ में रहता है। लोग धर्म के उपासक होता है और संप्रदाय के अनुयायी। उपासक आराधक, विवेक और शान्त होता है। जबकि अनुयायी उपद्रवी और अशान्त अनुयायी के लिये संप्रदाय ही सब कुछ होता है और उपासक के लिये धर्म। संप्रदाय का व्यामोह सभी उपद्रवों की जड है। व्यक्ति को धार्मिक होना चाहिये सांप्रदायिक नहीं यदि सांप्रदायिक हो भी तो उसमें सांप्रदायिक व्यामोह नहीं होना चाहिये।

आवश्यकता है प्रत्येक धर्म के लोगों में घर कर गये सांप्रदायिक व्यामोह को दूर करना। हमारा देश धर्मनिरपेक्ष है, पर सांप्रदायिक व्यामोह निरपेक्ष नहीं है। सभी राजनीतिक पार्टियां अपने हितके लिये इस सांप्रदायिक व्यामोह को बढावा देती हैं।

जब तक इस व्यामोह को दूर नहीं किया जाता तब तक ६ दिसम्बर की घटनाएं बार घटती रहेगी। अंतमें विभांशु दिव्यांशके शब्दों में-

मौतकी आंधी हवा को अब ही तो रोकिये
रोकिये नफरत की यह आंधी पर रोकिये ॥
वह मस्त्य हाथों में लिये है आज भी नंगी छुरी।
कत्ल हो पाये न अब इन्सान, बढ़कर रोकिये ॥
है यहां मंदिर, वहां मस्जिद, वहां पर कत्लगाह।
फर्क मिटने की तरफ रफतार, रुककर रोकिये ॥
आह औरत की न फूटे और बच्चे की न चीख।
इस कराहों की कहानी को कहीं पर रोकिए ॥
यह जमीं का ही लहू है इस तरह बहने न दें।
आसमां सुनता नहीं इसको जमीं पर रोकिए ॥

प्रस्तुत : प्रकाशचन्द्र बोहरा, बाडमेर
श्री परमार क्षत्रिय जैन सेवा समाज
पावागढ-३८९३६० (गुजरात)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી વર્ષની ઉજવણી નિમીત્તે

## વિદ્યાર્થીઓનું સન્માન




શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા શતાબ્દી વર્ષની ઉજવણી નિમીત્તે એસ. એસ. સી. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ ટકાથી વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બ્હેનોને ઇનામો આપવાનો તથા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનો સમારંભ તા. ૧૭-૯-૯૫ ને રવિવારે શ્રી આત્માનંદ સભામાં યોજવામાં આવેલ હતો. ઉપરોક્ત ફોટામાં સંસ્કૃતમાં ૯૨ % માર્કસ મેળવનાર કુ. ભાવીષા સૂર્યકાન્ત વોરાને પ્રથમ ઇનામ રૂા. ૧૫૧/-નું સભાના પ્રમુખ શ્રી પ્રમોદભાઈ શાહ આપી રહ્યા છે. બાજુમાં ઉપપ્રમુખ શ્રી ચીમનભાઇ શેઠ તથા સેક્રેટરી શ્રી દીવ્યકાન્ત સલોત બેઠેલા છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સેક્રેટરી શ્રી કાંતિભાઇ સલોત તથા સ્કોલરશીપ કમિટીના સભ્યો શ્રી ચીમનલાલ વર્ધમાન તથા શ્રી ભુપતરાય જયંતીલાલ શાહે સારી જહેમત ઉઠાવેલ હતી. સંસ્કૃત વિષય માટે કુલ ૨૪ ઇનામો આપવામાં આવેલ તથા કોલેજમાં ભણતા ૧૬ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવેલ હતી....



## જ્ઞાન પંચમી મહોત્સવ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી દર વર્ષ મુજબ આ વર્ષે સં. ૨૦૫૨ ના કારતક શુદ ૫ શનિવાર તા. ૨૮-૧૦-૯૫ ના રોજ સભાના લાઇબ્રેરી હોલમાં કલાત્મક જ્ઞાન ગોઠવવામાં આવનાર છે, તો ભાવનગરમાં બિરાજમાન પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો તથા પરમ પૂજ્ય મુનિ ભગવંતો તથા પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ તથા ભાવનગર જૈન મૂર્તિપુજક તપા. સંઘના દરેક ભાઇઓ તથા બ્હેનોએ દર્શનાર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

For Private And Personal Use Only

Shree Atmanand Prakash

Reg. No. GBV. 31

# સત્કર્મશીલ બનો....

सुखं पुण्योदयाधीनं,
दुःखं पापोदयोद्भवम् ।
तस्मात् सदा सुखाकाङ्क्षी,
पुण्यकार्यपरो भवेत् ॥

卐

* સુખ પુણ્યોદયથી છે અને દુઃખ પાપોદયથી.... માટે સતત સુખી રહેવાના અભિલાષીએ સતત સત્કર્મશીલ રહેવું ઘટે.

卐

* Hapiness and misery are dependent upon the rise of merit and demerit respectively. So a person desirous of permanent happiness, should always be devoted to doing meritorious acts.

प्रति,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક
૯૨

For Private And Personal Use Only